# 'કોઈનો લાડકવાયો' કાવ્યમાં પ્રગટ થતી રાષ્ટ્રીયતા

ડૉ. શેતલબેન બાબુભાઈ ખેર
આસિટન્ટ પ્રોફેસર,
આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

## ૧. પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્ય એટલે ગુજરાતમાં વસતા અને ગુજરાતી મૂળના લોકો **દ્વારા** ગુજરાતી ભાષામાં રચવામાં આવેલું સાહિત્ય. ગુજરાતી ભાષાનો ઈતિહાસ આશરે ઈ.સ. ૧૦૦૦ની સાલ સુધી આંકી શકાય છે. ગુજરાતી ભાષા સમગ્ર ભારતમાં વિવિધ બોલીમાં બોલાતી અપભ્રંશ ભાષામાંથી વિકાસ પામી. તેની ખાસિયત એ છે કે સાહિત્યને તેના રચયિતા સિવાય કોઈપણ શાસકનો આશ્રય નહોતો તેમ છતાં તેનો વિકાસ થયો. ગુજરાતમાં વાણિજ્ય અને વ્યાપારના વિકાસને કારણે, હિંદુ અને જૈન ધર્મનું પ્રભુત્વ હોવાને કારણે અને મહારાજ સિદ્ધરાજ જયસિંહ, ચાલુક્ય વંશ (સોલંકી વંશ) અને વાઘેલા રાજપૂતો જેવા શાસકો **દ્વારા** સલામત સમાજની રચના થવાને કારણે ૧૧મી સદીમાં સાહિત્યનું સર્જન મોટા પ્રમાણમાં થયું. કાળક્રમે તે સાહિત્ય મુખ્ય ધારામાં આવ્યું અને સમગ્ર ગુજરાતની પ્રજામાં સ્વીકૃતિ પામ્યું તથા લોકપ્રિય બન્યું.

કાળક્રમે ગુજરાતી સાહિત્યમાં સર્જનો અને સાહિત્યપ્રકારોને લગતા સામાન્ય નિયમો ઘડાતા ગયા અને સર્જન થતુ ગયું. આજની તારીખમાં સ્થાપિત સાહિત્યનો ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય સભા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સાહિત્યિક સંસ્થાઓ **દ્વારા** પ્રચાર પ્રસાર થાય છે. ગુજરાતી સાહિત્યમાં ઘણા પ્રખ્યાત સાહિત્યકારો છે. જેમાં એક પ્રખ્યાત સાહિત્યકાર ઝવેરચંદ કાળીદાસ મેઘાણી છે. જેમના સાહિત્યમાં રાષ્ટ્રીયતા જોવા મળે છે.

## ૨. ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનું જીવન પરિચય:

ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ ૨૮ ઓગસ્ટ, ૧૮૯૬માં ગુજરાતનાં ચોટીલા ગામમાં થયો હતો. તેમનાં માતાનું નામ ધોળીબાઈ અને પિતાનું નામ કાલિદાસ મેઘાણી હતું જેઓ બગસરાનાં જૈન વણિક હતાં. તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમણે પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું.

ઝવેરચંદનું ભણતર રાજકોટ, દાઠા, પાળીયાદ, બગસરા, અમરેલી વગેરે જગ્યાઓએ થયું. તેઓ અમરેલીની તે વખતની સરકારી હાઈસ્કૂલ અને હાલની ટીપી ગાંધી એન્ડ એમટી ગાંધી ગર્લ્સ સ્કૂલમાં ૧૯૧૦ થી ૧૯૧૨ સુધી માધ્યમિક શિક્ષણ મેળવીને ૧૯૧૨ મૅટ્રીક થયા હતા. ઈ.સ. ૧૯૧૬માં તેઓએ ભાવનગરનાં શામળદાસ મહાવિદ્યાલયમાંથી

અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પૂરું કર્યું. ભણતર પુરુ કર્યા બાદ ઈ.સ. ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લીમીટેડ નામની એક એલ્યુમિનીયમની કંપનીમાં કામે લાગ્યા. આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એકવાર ઈંગ્લેંડ જવાનું પણ થયું હતું. ૩ વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા. ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબેન સાથે તેમના લગ્ન થયા. નાનપણથી જ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કલકત્તા રહ્યા દરમ્યાન તેઓ બંગાળી સાહિત્યનાં પરિચયમાં પણ આવ્યા હતાં. બગસરામાં સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશીત થતાં 'સૌરાષ્ટ્ર' નામનાં છાપામાં લખવાની શરુઆત કરી હતી. ૧૯૨૨ થી ૧૯૩૫ સુધી તેઓ 'સૌરાષ્ટ્ર'માં તંત્રી તરીકે રહ્યા હતા. આ સમય દરમ્યાન તેઓએ પોતાના સાહિત્યીક લખાણને ગંભીરતાપુર્વક લઈ 'કુરબાનીની કથાઓ' ની રચના કરી કે જે તેમની પહેલી પ્રકાશીત પુસ્તક પણ રહી. ત્યાર બાદ તેઓએ 'સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યુ તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરુઆત કરી.

કવિતા લેખનમાં તેમણે પગલાં 'વેણીનાં ફૂલ' નામનાં ઈ.સ. ૧૯૨૬માં માંડ્યા. ઈ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યું હતું. તેમનાં સંગ્રામ ગીતોનાં સંગ્રહ 'સિંધુડો'- એ ભારતનાં યુવાનોને પ્રેરીત કર્યા હતાં અને જેને કારણે ઈ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમ્યાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતાં. તેમણે ફૂલછાબ નામના છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં તેમનાં પત્નીના દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રદેવી સાથે થયા. તેમણે જન્મભૂમિ નામના છાપામાં 'કલમ અને કીતાબ'ના નામે લેખ લખવાની તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરુઆત કરી. ઈ.સ. ૧૯૩૬ થી ૧૯૪૫ સુધી તેઓએ ફુલછાબના સંપાદકની ભૂમિકા ભજવી જે દરમ્યાન ૧૯૪૨માં 'મરેલાનાં રુધીર' નામની પોતાની પુસ્તીકા પ્રકાશિત કરી. ઈ.સ. ૧૯૪૬માં તેમના પુસ્તક 'માણસાઈના દીવા'ને મહીડા પારિતોષિકથી સન્માનવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં.

## ૩. રાષ્ટ્રીયતા એટલે શું?

રાષ્ટ્રીયતાનો સામાન્ય અર્થ: અમુક રાષ્ટ્રના હોવું તે; રાષ્ટ્રીયપણું; રાષ્ટ્રભાવ એવો કરવામાં આવે છે. એટલેકે રાષ્ટ્રમાં વસનાર વ્યક્તિ પોતે જેતે રાષ્ટ્રનો છે તેવો ભાવ પ્રગટ કરે છે. રાષ્ટ્રીયતાનો શબ્દાર્થ જોઈએતો તે રાજ્ય અને વ્યક્તિ વચ્ચેનો સંબંધ બતાવે છે જેમાં રાજ્યને વ્યક્તિ ઉપર અધિકાર આપવામાં આવે છે અને તેના બદલામાં વ્યક્તિને રાજ્ય પાસેથી સુરક્ષા અને બીજી સુવિધાઓ મેળવવાનો અધિકાર આપે છે.

## ૪. "કોઈનો લાડકવાયો" કાવ્ય

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે.
ઘાયલ મરતાં મરતાં રે, માતની આઝાદી ગાવે.

કોની વનિતા કોની માતા ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી.
મુખથી ખમ્મા ખમ્મા કરતી, માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને,
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને.
નિજ ગૌરવ કેરે ગાને, જખમી જન જાગે અભિમાને.
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો.
અણપૂછયો અણપ્રીછેલો, કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળા નવ કોઈ બહેની લાવી.
કોઈના લાડકવાયાની, ન કોઈએ ખબર પૂછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી.
કોઈના લાડકવાયાની, આંખડી અમૃત નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં.
આતમ-દીપક ઓલાયા, ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઉપર કર-જોડામણ કરજો.
પાસે ધૂપસળી ધરજો, કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો.

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે.
સહુ માતા ને ભગિની રે, ગોદ લેજો ધીરે ધીરે.

વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા.
રે! તમ ચુંબન ચોડાતાં, પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજે અહરનિશ પ્રભુને પાયે પડતી.
ઉરની એકાંતે રડતી, વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા.
વસમાં વળામણાં દેતાં, બાથ ભીડી બે પળ લેતાં.

એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રૂધિર છલકતી ગજગજ પ્હોળી છાતી.
અધબીડ્યાં બારણિયાંમાંથી, રડી હશે કો આંખ બે રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન પિછોડી ઓઢે.
કોઈના લાડકવાયાને, ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી.
લખજો: 'ખાક પડી આંહી, કોઈના લાડકવાયાની'.

## ૫. "કોઈનો લાડકવાયો" કાવ્યમાં પ્રગટ થતી રાષ્ટ્રીયતાની ભાવના

ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીબાપુ તેમના દરેક કાવ્યો વાંચતા અને ઝવેરચંદ મેઘાણીને બીજા અનેક કાવ્યો લખવા માટે પ્રેરણા પણ આપતા. ગાંધીબાપુએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું છે કારણ કે તેમના દરેક કાવ્યમાં રાષ્ટ્ર પ્રત્યેનો ભાવ પ્રગટ થતો જોવા મળે છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ એક અંગ્રેજી કાવ્ય પરથી 'દેશાંતર' કર્યો છે. તેમાં આપણને આબેહૂબ રાષ્ટ્રીયતા જોવા મળે છે. 'કોઈનો લાડકવાયો' કવિશ્રી મેઘાણીએ 'Somebody's Darling' (Marie Revenel De La Coste) એ 1864 માં લખેલું અને આ કાવ્યમાં રાષ્ટ્રીયતા જોવા મળે છે. પરંતુ કવિશ્રી મેઘાણીએ તેમના શબ્દોમાં એટલે કે ગુજરાતી ભાષામાં આ કાવ્યનું ભાષાંતર કર્યું છે. તેમાં કવિ લખે છે કે મહાસત્તાઓ પોતાના અહંકાર માટે લડતી રહે છે પરંતુ એમાં ભોગ લેવાય છે યુવાન સૈનિકોનો અને તેમના સ્વજનોના અરમાનોનો 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે છે' આપણને સીધા રણભૂમિના રક્ત રંજિત છેડા સુધી પહોંચાડીદે છે. વળી જીપો, બખ્તરીયા, ગાડીઓ કે એમ્બ્યુલન્સો નહીં, પણ ઝોળીઓ આવા યુદ્ધ વખતે મૃત તથા ઘાયલ સૈનિકોને સલામત સ્થળે ખસેડવા માટે પૂરતા સ્ટ્રેચરો પણ નથી હોતા. તે વખત ચાદર, પીછોડી કે તંબુનું જેવું મળ્યું તેવું કપડું તેની ઝોળી બને છે અને જેમાં ઘાયલ સૈનિકોને લાવવામાં આવે છે.

બીજી બાજુ કેસરવણી સમરસેવિકાઓ તેમના માટે 'કોમલ સેજ' બિછાવવા માટે ખડે પગે તૈયાર છે. આ બે પંક્તિઓમાં કવિ વાતાવરણમાં જોશ પ્રગટાવવાનું કામ કરે છે અને લખે છે કે, ઘાયલ મરતાં મરતાં રે માતાની આઝાદી ગાવે. કવિના આ શબ્દોમાં આપણને રાષ્ટ્રીયતા જોવા મળે છે. પોતાના દેશ માટેના બલિદાનની ભાવના જોવા મળે છે.

કવિ કાવ્યમાં લખે છે કે કોઈની પત્ની, કોઈની માતા, કોઈની બહેન, એમ સૌ ટોળામાં છે. મુખેથી ખમ્મા ખમ્મા કરે છે અને માથે હાથ ફેરવે છે. થોકે થોકે ઉમટતા લોકો સૈનિકોને શાબાશી ભર્યા શબ્દોથી પીછાણે છે. જખમી સૈનિકો અભિમાન અનુભવે છે. વળી કવિ લખે છે કે અણપૂછ્યો, અણપ્રીતેલો કોઈનો અજાણ લાડીલો સૂતો હતો. છેવટે એની આંખો મીંચાય છે. યાદોના બે આંસુ ગાલ પર આવીને અટકે છે. આત્માનો દીવડો ઓલવાય છે અને હોઠના ગુલાબ કરમાય છે.  આ અજાણ્યા સૈનિકનું મૃત્યુ કવિ વર્ણવે છે. ત્યાં કવિ તેની જીવન સંગીનીને પણ યાદ કરે છે કે 'કંકાવટી'માં આંસુ ઘોળીને તેને તિલક કરતા તેના બંગડીઓથી ભરેલા બે હાથે બાથ ભીડી હશે.  તો વળી કવિ લખે છે કે આ બલિદાન આપનારા સૈનિકોની ખાંભી ઉપર લાંબી કવિતા ન લખશો ફક્ત એટલું જ લખજો કે 'ખાખ પડી અહીં કોઈના લાડકવાયાની'.

આખા કાવ્યમાં કવિએ દેશ માટે બલિદાન આપતા સૈનિકોની વાત કરી છે કે જેઓ દેશ માટે પોતાના જીવનું પણ બલિદાન આપી દે છે.  તેમના સમગ્ર કાવ્યમાં આપણને રાષ્ટ્રીય ભાવ જોવા મળે છે.  કાવ્યની કોઈપણ એક કડી વાંચવામાં આવે તો પણ આપણને તેમાંથી રાષ્ટ્રીયતાનો જોમ જોવા મળે છે. કવિશ્રી ઝવેરચંદ મેઘાણીએ આપણને ઘણું બધું સાહિત્ય આપ્યું છે. આ સાહિત્યમાં ગણે અંશે આપણને રાષ્ટ્રીયતા જોવા મળે છે.

## ૬. ઉપસંહાર

આમ, કવિશ્રી ઝવેરચંદ મેઘાણીના કાવ્યોમાં આપણે ઉત્તમ પ્રકારના સાહિત્યની સાથે-સાથે તેમના સાહિત્યોમાં આપણને રાષ્ટ્રીયતા વર્ણવાયેલી જોવા મળે છે. જે ઉપરોક્ત કાવ્યમાં જોવા મળે છે.

## સંદર્ભસૂચિ


૧.મેઘાણી, ઝવેરચંદ કે. (૧૯૨૭). 'કોઈનો લાડકવાયો', અમદાવાદ, ગુજરાત સાહિત્ય પરિષદ: પબ્લિકેશન.

૨.Uchat, D.A. (2009). Research methodology in education and social science. Rajkot: publication.

૩.Desai, H. G., & Desai K.G., (1992). Research Methods and Technicians, Ahmadabad, University Grahtha Nirman Board, Gujarat State.

૪.Shukla, S.S. (2014). Sanshodhan ek Parichay, Ahmedabad: Kshiti Publication.

૫.www.google.com

૬.www.en.wikipedia.org